# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૪-B  તા.૧૨-૦૬-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- ૨૧ મી જૂન આંતર રાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/ ૨૦૫૨-૧૪૦ તા.૦૮-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર વિશ્વમાં ૨૧ મી જૂનને ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજયમાં વિશાળ જનભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી ઉજવણી કરવા તા.૧૭-૦૬-૨૦૨૩ને શનિવારના રોજ સવારે નીચે મુજબના કાર્યક્રમો કરવા જણાવવામાં આવે છે.

૧. દરેક મુખ્ય શિક્ષકે પ્રાર્થના સભામાં ભારતીય સંસ્કૃતિ યોગનું મહત્વ સમજાવવું. યોગને વિશ્વ ફલક પર લાવવાના માન. વડાપ્રધાનના યોગદાન અને આંતરરાષ્ટ્રીય યોગ દિનની માહિતી વિદ્યાર્થીઓને આપવી.
૨. યોગની જાગૃતિ માટે પ્લેકાર્ડ સાથે પ્રભાતફેરીનું આયોજન કરવું.
૩. પ્રભાતફેરી કર્યા બાદ શાળામાં આવી વિદ્યાર્થીઓ પાસે સૂયનમસ્કાર તેમજ વિવિધ યોગાસનો કરાવવા.
૪. શાળાના શૈક્ષણિક સમયગાળામાં યોગ અંગેના ચિત્રકળાનું આયોજન કરવું.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૨-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૨૦૫૮-૯૮૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૦૮/૦૬/૨૦૨૩

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** ૨૧ મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવા બાબત.
**સંદર્ભઃ-** માન. સચિવશ્રી, (માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ) ની સૂચના અન્વયે.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતો જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે વર્ષ-૨૦૧૫ થી પ્રતિ વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે.

૨૧મી જૂન ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જન ભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી થાય તેમજ એ પહેલા આ અંગે સમાજમાં જન જાગૃતિ આવે તે માટે તા.૧૭/૦૬/૨૦૨૩ના શનિવારના રોજ સવારે નીચે મુજબના કાર્યક્રમો કરવાના રહેશે.

- આચાર્યશ્રીઓ પોતાના પ્રવચનમાં આપણી ભારતીય સંસ્કૃતિ યોગનું મહત્વ સમજાવે, માન. વડાપ્રધાનશ્રીનું યોગને વૈશ્વિક ફલક પર લાવવા અંગેનું યોગદાન તથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગેની માહિતી આપે.
- યોગ અંગેની જાગૃતિ માટે પ્રભાત ફેરીનું આયોજન.
- શૈક્ષણિક સમય દરમિયાન યોગ અંગેના ચિત્રકલાનું આયોજન કરવામાં આવે.

તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી ફેરવવામાં આવે, પ્રભાતફેરીમાં યોગ્ય પ્લેકાર્ડનો ઉપયોગ કરવામાં આવે, વિદ્યાર્થીઓ શાળામાં પરત આવી સુર્યનમસ્કાર કરે અને વિવિધ પ્રકારના યોગાસનો કરાવવામાં આવે તેમજ જિલ્લા કક્ષાએથી સૂચના મળે તે રીતે યોગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લેવા નો રહેશે.

ઉકત બાબતે આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . .</u>
- માન. સચિવશ્રી, (માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, (સાં.પ્ર) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર

Scanned with OKEN Scanner